For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કપડાના વેપારીને હાથમાં ગોળી વાગી

વાઘોડિયા ચોકડી પાસે કારચાલક પર ફાયરિંગ

બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ અગમ્ય કારણોસર ચાલતી કારની બાજુમાં આવી હુમલો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.27 વાઘોડિયા ચોકડી નજીક મોડી રાત્રે ફિલ્મી ઢબે ફાયરિંગની ઘટના સામે આવી છે. કપડાના વેપારી આશીષકુમાર બાકોલીયા પોતાની કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમની કારની બાજુમાં આવી ગોળીબાર કર્યો હતો. ગોળી કારનો ડ્રાઈવર સાઇડનો કાચ તોડીને તેમના જમણા હાથમાં વાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે, જ્યારે પોલીસે હત્યાના પ્રયાસ સહિતના ગુનામાં તપાસ શરૂ કરી છે. મૂળ દિલ્હીના અને હાલ વાઘોડિયા તાલુકાના હનુમાનપુરા વિસ્તારમાં રહેતા આશીષકુમાર મદનલાલ બાકોલીયા છેલ્લા ચાર મહિનાથી સવીતા હોસ્પિટલ નજીક કપડાની દુકાન ચલાવે છે. ઘટનાના દિવસે તેઓ પોતાના પરિવાર સાથે દિવસભરના કામકાજ બાદ રાત્રે આશરે 10:30 વાગ્યે કાર લઈને દુકાનેથી ઘરે જઈ રહ્યા હતા. વાઘોડિયા ચોકડીનો બ્રિજ પાર કર્યા બાદ વાઘોડિયા તરફ જવાના માર્ગ પર વડોદરા તરફથી આવેલી એક મોટરસાયકલ તેમની કારની બાજુમાં આવી હતી. બાઈક પર પાછળ બેઠેલા માસ્કધારી શખ્સે અચાનક પિસ્તોલથી ફાયરિંગ કર્યું હતું. ગોળી કારનો કાચ તોડીને આશીષકુમારના જમણા હાથના બાવળા પર વાગી હતી. ઈજા થતાં તેમણે તરત જ કાર રોડની સાઇડમાં ઊભી રાખી 112 પોલીસ કંટ્રોલ રૂમ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પ્રાથમિક સારવાર માટે તેમને એસએસજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ગુજરાત કિડની એન્ડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલુ છે.

આશીષ કુમાર

દિલ્હી કનેક્શનની શંકા । વાઘોડિયા રોડ પર ગારમેન્ટ્સ વેપારી આશીષ કુમાર પર થયેલા ફાયરિંગ કેસમાં પોલીસ વિવિધ દિશામાં તપાસ કરી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આશીષકુમાર છેલ્લા દોઢ વર્ષથી વડોદરામાં કપડાની દુકાન ચલાવતા હતા અને હનુમાનપુરા વિસ્તારમાં પત્ની તથા બે બાળકો સાથે રહેતા હતા. પત્ની પણ દુકાનના વ્યવસાયમાં જોડાયેલી હતી. પરિવારના જણાવ્યા મુજબ તેમની સ્થાનિક સ્તરે કોઈ સાથે દુશ્મની કે વિવાદ નહોતો. જોકે હુમલાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

સાત ટીમો મેદાનમાં

વાઘોડિયા રોડ પર ગઈકાલે મોડી રાત્રે થયેલી ફાયરિંગની ઘટના બાદ સમગ્ર પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું છે. ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો જિલ્લા પોલીસ, સ્થાનિક પોલીસ તેમજ વિવિધ તપાસ એજન્સીઓની કુલ સાત ટીમોને આરોપીઓની શોધખોળ માટે કામે લગાડવામાં આવી છે. સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્ર કરીને તેમની અવરજવર અને ઓળખ અંગે તપાસ ચાલી રહી છે.

વડોદરા પાલિકાની વહીવટી શિથિલતા

ઘન કચરાના અયોગ્ય નિકાલથી નાગરિકોના આરોગ્ય સામે જોખમ

(પ્રતિનિધિ) વડોદરા તા.27 વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ના નિયમોનું યોગ્ય રીતે પાલન ન કરવામાં આવતું હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં અમલમાં મૂકવામાં આવેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોના અમલીકરણમાં વડોદરા કોર્પોરેશનનું તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું હોવાની લેખિત રજૂઆત મ્યુનિસિપલ કમિશનરને કરવામાં આવી છે. વડોદરા શહેર વિપક્ષ સમિતિના અનુસૂચિત જાતિ સેલના ચેરમેન મહેશ સોલંકી દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતમાં પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને આયોજનના અભાવને ખુલ્લો પાડવામાં આવ્યો છે. લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, કેન્દ્ર સરકારના કાયદા મુજબ દરેક શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની એ કાનૂની ફરજ છે કે તેઓ ઘન કચરાના યોગ્ય નિકાલ અને વ્યવસ્થાપન માટે જવાબદાર અધિકારીઓની નિમણૂક કરે. આ સાથે જ કચરાના નિકાલ પર અસરકારક દેખરેખ રાખવામાં આવે અને નિયમોનું કડક પાલન થાય તેવી ચોક્કસ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે. જોકે, વડોદરા મહાનગરપાલિકામાં આ નિયમો માત્ર કાગળ પર જ મર્યાદિત રહી ગયા હોય તેમ જણાય છે. શહેરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરીની દેખરેખ રાખવા માટે કોઈ સ્વતંત્ર સમિતિ કે સક્ષમ નોડલ વ્યવસ્થાનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. રાજ્યની અન્ય મોટી મહાનગરપાલિકાઓ જ્યારે આ દિશામાં સક્રિય કામગીરી કરી રહી છે, ત્યારે વડોદરામાં વહીવટી શિથિલતાના કારણે કચરાના નિકાલની વૈજ્ઞાનિક પદ્ધતિઓ ખોરવાઈ ગઈ છે. કચરાના યોગ્ય પ્રોસેસિંગ અને વ્યવસ્થાપનના અભાવે શહેરની સ્વચ્છતા તેમજ નાગરિકોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. વિપક્ષ દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ તાકીદે આ બાબતે હસ્તક્ષેપ કરવાની માગ કરવામાં આવી છે. શહેરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું ચુસ્તપણે પાલન થાય, જવાબદારી નક્કી કરવા માટે સ્વતંત્ર સમિતિની રચના કરવામાં આવે અને બેદરકાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી લોકહિતની માગણી પણ આ પત્ર દ્વારા પ્રબળતાથી ઉઠાવવામાં આવી છે. નાગરિકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણી માટે તંત્ર વહેલી તકે જાગે તે અત્યંત અનિવાર્ય બન્યું છે.

MSU કોમર્સ ફેકલ્ટીમાં નવા શૈક્ષણિક સત્રથી મોટા ફેરફાર

AI આધારિત હાજરી, કમ્પ્યુટર શિક્ષણ ફરજિયાત,ઈતર પ્રવૃત્તિમાં માર્ક્સ મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં નવા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓ માટે અનેક નવી સુવિધાઓ અને મહત્વપૂર્ણ ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રો. પ્રજ્ઞેશ શાહે આ અંગે વિગતો આપતા જણાવ્યું કે, આ વર્ષે પ્રથમ વખત FY બીકોમના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર લેબ દ્વારા ફરજિયાત કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવશે.

હાલ ફેકલ્ટીમાં ત્રણ કોમ્પ્યુટર લેબ તૈયાર છે અને વધુ ત્રણ લેબ બનાવવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ ઉપરાંત 2 જી જુલાઈથી શરૂ થનાર FY બીકોમના વર્ગોમાં હાજરી આપનાર વિદ્યાર્થીઓની AI આધારિત હાજરી લેવામાં આવશે. જોકે, આ માટેની

ટેક્નિકલ પ્રક્રિયા હાલ ચાલુ છે અને લગભગ બે મહિનામાં આ સિસ્ટમ સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે.

કોમર્સ ફેકલ્ટીના ઈતિહાસમાં પ્રથમ વખત શિક્ષણ ઉપરાંત ઈતર પ્રવૃતિઓનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને એકેડેમિક માર્ક્સ પણ આપવામાં આવશે. સાથે જ નવો નિયમ લાગુ કરાયો છે કે જે વિદ્યાર્થીઓની હાજરી 75 ટકા કરતા ઓછી હશે, તેઓ પરીક્ષા આપી શકશે નહિ.

આ વર્ષથી પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ માટે આઈકાર્ડ પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીના નિયમિત અભ્યાસક્રમ ઉપરાંત GST અને ઈન્કમટેક્સના નિયમો વિશે પણ વિશેષ શિક્ષણ આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ પ્રેક્ટિકલ જ્ઞાન સાથે બજારમાં સક્ષમ બને. ડીન પ્રો. શાહે ઉમેર્યું કે, અત્યાર સુધીમાં કોમર્સ ફેકલ્ટીમાં 7200 જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દેવાયો છે. હજી પણ 300 કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ફેકલ્ટી સક્ષમતા ધરાવે છે.

ટોલ પ્લાઝા પર ધીમી કામગીરીના કારણે સ્થિતિ સર્જાઇ

એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક જામ થતા વાહનચાલકો અટવાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. એક્સપ્રેસના ટોલનાકાથી થોડી દૂર જ વાહનોની અવરજવર થંભી જતાં હાઈવેની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ શનિવારે છેલ્લા અડધા કલાકથી વધુ સમયથી હાઈવે પર બંને તરફ વાહનો ફસાયેલા છે. કાર, બસ, ટ્રક સહિતના નાના-મોટા વાહનોની કતારો દૂર સુધી જોવા મળી હતી. અચાનક સર્જાયેલા ટ્રાફિક જામના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટ્રાફિક જામનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. કોઈ વાહન ખોટકાઈ જવાથી અથવા ટોલ પ્લાઝા પર ધીમી કામગીરીના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાની શક્યતા છે. હાઈવે પેટ્રોલિંગ અને ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક હળવો કરવાના પ્રયાસો કર્યા હતા. લાંબા સમયથી જામમાં ફસાયેલા વાહનચાલકો અને મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. ઉનાળાની ગરમી અને વરસાદી માહોલ વચ્ચે લોકો કલાકો સુધી હાઈવે પર અટવાઈ રહેવાથી પરેશાન થયા હતા.

લોકોમાં ભારે રોષ ,ઉચ્ચ અધિકારીઓએ પહોંચી મામલો થાળે પાડ્યો

તાજીયા ખંડિત કર્યાના આક્ષેપ સાથે જેપી રોડ પોલીસ સ્ટેશનનો ઘેરાવ

જવાબદાર પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા શહેરના જેપી રોડ પોલીસ સ્ટેશન ખાતે મોડી સાંજે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ જતા ભારે હોબાળો મચી ગયો હતો. સ્થાનિક લોકોએ પોલીસ પર મોહરમના તહેવાર નિમિત્તે બનાવેલા તાજીયા ખંડિત કર્યાનો ગંભીર આક્ષેપ લગાવી પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. લોકોના આક્ષેપ મુજબ પોલીસના કેટલાક કર્મચારીઓ દ્વારા તાજીયા ખંડિત કરવાની ઘટના બનતા સમુદાયમાં ભારે રોષ ફેલાયો હતો. જોતજોતામાં મોટી સંખ્યામાં લોકો જેપી રોડ પોલીસ સ્ટેશન બહાર એકઠા થઈ ગયા હતા. લોકોએ જવાબદાર પોલીસકર્મીઓ સામે

એફઆઈઆર નોંધી કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. ઘટનાને પગલે પોલીસ સ્ટેશન બહાર થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે ઘટનાની જાણ થતાં જ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ડીસીપી સહિતના અધિકારીઓએ સ્થળ પર પહોંચી ટોળા સાથે વાતચીત શરૂ કરી હતી. અધિકારીઓએ લોકોની રજૂઆત સાંભળી અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં લેવાની ખાતરી આપી હતી. લાંબી સમજાવટ બાદ લોકો શાંત પડ્યા હતા અને સ્થિતિ ધીમે ધીમે કાબૂમાં આવી હતી. પોલીસ દ્વારા આ મામલે ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એક અરજીના આધારે ગુનો દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સમગ્ર ઘટનાની વધુ તપાસ માટે ખાસ ટીમની રચના કરવામાં આવી છે. પોલીસે કોઈપણ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય ચલાવી લેવામાં આવશે નહીં અને તપાસ બાદ જે પણ દોષિત જણાશે તેની સામે કાયદેસરની કાર્યવાહી થશે. જેપી રોડ વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

સુરતથી આવેલા મહિલા વડોદરામાં લૂંટાયા

મંદિરમાં દર્શનાર્થે જતી મહિલાના ગળામાંથી મંગળસૂત્રની લૂંટ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા શહેરના અટલાદરા સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા આવેલા મહિલાના ગળામાંથી આશરે 6 ગ્રામ વજનનું રૂ.60 હજાર કિંમતનું સોનાનું મંગળસૂત્ર કોઈ ગઢિયો તફડાવી ફરાર થઈ ગયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે ગઠીયા ની શોધખોળ શરૂ કરી છે. વડોદરા શહેરના દંતેશ્વર તરસાલી રીંગ રોડ પર આવેલી દર્શનમ એન્ટીકા સોસાયટીમાં રહેતા સંતોષકુમાર ગંગારામ લુસ્ટેએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ દરજીપુરા એરફોર્સમાં જુનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. તેઓ પોતાના પરિવારજનો સાથે અટલાદરા સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા ગયા હતા. તેમની સાથે સુરતથી આવેલા મામાની દીકરી લીલાબેન તાંદલેકર, તેમના પતિ બાબુભાઈ, કુંદાબેન અને અન્ય પરિવારજનો પણ હતા. પરિવારે સવારે આશરે 11 વાગ્યે કાર પાર્ક કરી મંદિર ખાતે દર્શન કરવા પ્રવેશ કર્યો હતો.બપોરે અંદાજે 12:30 વાગ્યા સુધી મંદિરમાં રોકાણ દરમિયાન ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા શખ્સે લીલાબેનના ગળામાંથી કાળા મણકાવાળું, આશરે 6 ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર ખેંચી ચોરી કરી લીધી હતી.મંગળસૂત્રમાં 48 સોનાની નાની મણીઓ અને એક સોનાની વાડકી હતી, જેની કિંમત અંદાજે રૂ.60 હજાર હોવાનું જણાવ્યું છે. હવે ફરિયાદના આધારે પોલીસ દ્વારા અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મંદિર પરિસરના CCTV ફૂટેજ તેમજ અન્ય પુરાવાના આધારે આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરાશે

GSFC યુનિવર્સિટી ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું સોમવારે ભવ્ય ઉદ્ઘાટન

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા સ્થિત GSFC યુનિવર્સિટી ખાતે આગામી તા. ૨૯ જૂન અને તા. ૩૦ જૂન ૨૦૨૬ ના રોજ બે દિવસીય 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ'નું ભવ્ય આયોજન કરાયું છે. 'પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષા' ની થીમ હેઠળ યોજાનારી આ પરિષદનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાશેબે દિવસીય પરિષદ દરમિયાન વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો અને નીતિ નિર્ધારકો દ્વારા કુલ ૩૦ થી પણ વધારે સત્રોનું સંચાલન કરવામાં આવશે. પરિષદના પ્રથમ દિવસે ટ્રેડ શો અને પ્રદર્શનના ઉદ્ઘાટન બાદ મુખ્ય ઉદ્ઘાટન સત્ર યોજાશે. ત્યારબાદ અલગ-અલગ વિષયો પર કુલ ૧૯ સેમિનારનું આયોજન છે, જેમાં સેમિકન્ડક્ટર લોજિસ્ટિક્સ, કૃષિમાં AI નો ઉપયોગ, છોટાઉદેપુરમાં રમતગમતના સાધનોનું ઉત્પાદન હબ, બાયોઇકોનોમી, પ્રવાસન, ગ્રીન હાઇડ્રોજન અને પ્રાકૃતિક ખેતી જેવા વિષયો કેન્દ્રસ્થાને રહેશે. પરિષદના બીજા દિવસે એટલે કે તા. ૩૦ જૂને કુલ ૧૧ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ક્વોન્ટમ ટેકનોલોજી, પ્રાદેશિક MSME કોન્ક્લેવ, એરોસ્પેસ અને ડિફેન્સમાં આત્મનિર્ભર ભારત, ગિફ્ટ સિટી, અને ઈન્ડસ્ટ્રી ૪.૦ જેવા આધુનિક વિષયો પર ચર્ચા-વિચારણા કરાશે. આ પ્રાદેશિક પરિષદમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના અનેક મંત્રીઓ તેમજ પ્રતિષ્ઠિત મહાનુભાવો માર્ગદર્શન પૂરું પાડશે. તા. ૩૦ જૂનના રોજ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ 'એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભર ભારત' વિષયક વિશેષ સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. તા. ૨૯ જૂનના રોજ કેન્દ્રના શ્રમ અને રોજગાર મંત્રી પરિષદના વિવિધ સત્રોમાં સહભાગી થશે. તદુપરાંત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી પરિષદના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે તો કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી 'ગુજરાતને આંતરદેશીય મત્સ્યઉદ્યોગના પાવરહાઉસમાં પરિવર્તિત કરવું' સત્રમાં માર્ગદર્શન આપશે. રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી (કેબિનેટ) કુંવરજીભાઈ બાવળિયા, રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા શ્રમ અને કૌશલ્ય વિકાસ પરના 'ઈન્ડસ્ટ્રી 4.0 અને AI' વિષયક સત્રમાં ઉપસ્થિત રહેશે. રાજ્યમંત્રી મનિષાબેન વકીલ 'છોટાઉદેપુરમાં સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ હબ' વિષયક સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

શાળાઓના ધો.11-12ના વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો વગરના

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા સહિત રાજ્યભરની શૈક્ષણિક સંસ્થાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને 20 દિવસ જેટલો સમય પસાર થવા આવ્યો છે. પરંતુ વડોદરા જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના ધો. 11-12ના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી પાઠ્યપુસ્તકો હજુ સુધી પૂરા પાડવામાં આવેલ નથી, જેના પગલે વિદ્યાર્થીઓની હાલત કફોડી બની જવા પામી છે. રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ ઉનાળુ વેકેશન દરમિયાન જ પાઠ્યપુસ્તકો મોકલી આપવામાં આવે છે. જેથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થતા જ વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો સાથે અભ્યાસ કરી શકે. પરંતુ આ વખતે નવું શૈક્ષણિક સત્ર શરૂ થવાના 20 દિવસ પછી પણ પાઠ્યપુસ્તકો હજુ વિદ્યાર્થીઓ સુધી પહોંચેલ નથી.

મહિલા અને સાસુ હોસ્પિટલ ગયાને તસ્કરોએ નિશાન બનાવ્યું

છાણીના બંધ મકાનમાંથી ૧.૪૪ લાખની મત્તાની ચોરી

વડોદરા: વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે વધુ એક વાર છાણી વિસ્તારમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.1.44 લાખની ચોરીને અંજામ આપ્યો હતો. મહિલા સાસુને તાજપુરા આંખનો ઓપરેશન માટે લઈ ગઈ હતી ત્યારે તસ્કરોએ ખેલ પાડ્યો હતો. છાણી વિસ્તારમાં રહેતા અંકીતાબેન કલ્પેશભાઈ શાહે પોલીસને જણાવ્યું હતું કે તેઓ તેમની સાસુની આંખના ઓપરેશન માટે 23 જાન્યુઆરી, 2026ના રોજ તાજપુરા હોસ્પિટલ ગયા હતા. ઘર બંધ રાખીને જતા તેમના મોટા પુત્રને ભાઈના ઘરે મૂક્યો હતો, જ્યારે નાનો પુત્ર તેમની સાથે હતો. બીજા દિવસે સવારે તેમના કાકા-સસરાએ ફોન કરીને જાણ કરી કે ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો છે અને તિજોરીઓના તાળા તોડી સામાન વેરવિખેર કરાયો છે. સાંજે ઘરે પરત ફરી તપાસ કરતાં તિજોરીમાંથી અંદાજે 55 ગ્રામ સોનાના દાગીના, 240 ગ્રામ ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂ.1.44 લાખની માલમત્તાની ચોરી થયાનું સામે આવ્યું હતું. અજાણ્યા તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો, બે તિજોરીઓના તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. આ બનાવ અંગે છાણી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી તસ્કરોને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

મિશન સ્વચ્છ વડોદરા અંતર્ગત VMCની મોટી કાર્યવાહી

છાણી કેનાલ પાસેથી ૧૪૨૫ મેટ્રિક ટન C&D કચરો દૂર, ૯૩૨ ટ્રિપથી સફાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા મહાનગરપાલિકા દ્વારા મિશન સ્વચ્છ વડોદરાના નિર્ધાર સાથે શહેરની સ્વચ્છતા અને આરોગ્યપ્રદ પર્યાવરણને વધુ મજબૂત બનાવવા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આગામી 28-30 જૂન દરમિયાન યોજાનાર મધ્ય ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ અંતર્ગત શહેરના તમામ એન્ટ્રી પોઈન્ટ્સ, હેરિટેજ બિલ્ડીંગ, ટુરિસ્ટ સ્પોટ્સ, જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ તથા વિવિધ સ્થળોએ સફાઈ અને બ્યુટીફિકેશનની કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સેનિટેશન ટીમ,

સીનીયર સેનેટરી ઈન્સ્પેક્ટરો, ઝોનલ ડોર ટુ ડોર એજન્સીઓ અને C&D વેસ્ટ કલેક્શન એજન્સીને કામે લગાડાઈ છે. દરમિયાન, શહેરને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવાના ઉદ્દેશથી છાણી વિસ્તારમાં સરદાર સરોવર નર્મદા નિગમની કેનાલ સમાંતર જગ્યા ખાતે પડી રહેલ કન્સ્ટ્રક્શન એન્ડ ડિમોલિશન વેસ્ટના નિકાલની વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ હતી. તા. 25 જૂન થી 26 જૂન દરમિયાન દિવસ-રાત સતત કામગીરી કરી કુલ 15 ડમ્પર અને 5 જેસીબીની મદદથી 932 ટ્રિપ્સ દ્વારા 1425 મેટ્રિક ટન વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો હતો. કેનાલની આસપાસ એકત્ર થયેલો બાંધકામનો કાટમાળ, કોંક્રીટ, ઈંટોના ટુકડા તથા અન્ય C|D કચરો દૂર કરી જગ્યાને સમતળ કરવામાં આવી છે. આ જગ્યાને પાર્કસ અને ગાર્ડન વિભાગને જાપાનીઝ ટેક્નોલોજી આધારિત પ્લાન્ટેશનની કામગીરી માટે સોંપવામાં આવી છે. કેનાલ વિસ્તારને સ્વચ્છ રાખવા અને પર્યાવરણનું સંરક્ષણ કરવા આ કામગીરી હાથ ધરાઈ હતી. બાંધકામ અને તોડફોડનો કચરો જાહેર સ્થળો, રોડની બાજુ કે કેનાલ વિસ્તારમાં ન નાખે અને નિયત સ્થળે અથવા અધિકૃત એજન્સી મારફતે જ તેનો નિકાલ કરે. જાહેર સ્થળે કચરો ફેંકનાર સામે નિયમો મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

સારવાર હેઠળના શ્વાન ઉપાડતા હોવાનો આક્ષેપ

VMC દ્વારા શ્વાન પકડવાની કામગીરી સામે PFAનો વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાંથી શેરીશ્વાન પકડવાની કામગીરી સામે પીપલ ફોર એનિમલ્સ વડોદરા-2 દ્વારા ગંભીર આક્ષેપો સાથે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાએ સીએમઓ, મેયર, મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓને પત્ર લખી તાત્કાલિક દરમિયાનગીરીની માંગ કરી છે. પીએફએ વડોદરા દ્વારા મોકલાયેલા પત્રમાં જણાવાયું છે કે વીએમસી દ્વારા શ્વાનની હેલ્થ હિસ્ટ્રી, સ્ટરિલાઈઝેશન, વેક્સિનેશન કે ચાલુ સારવારની સ્થિતિ ચકાસ્યા વિના આડેધડ શ્વાન ઉપાડવામાં આવી રહ્યા છે. સંસ્થાના ખર્ચે લાખો રૂપિયાના ખર્ચે સારવાર લઈ રહેલા બીમાર શ્વાનને પણ ઉપાડી લેવાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે વીએમસીના અધિકારી વિજય પંચાલનો સંપર્ક કરતા તેમણે શ્વાન છોડવાને બદલે સંસ્થા સામે પોલીસ કેસ અને કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. પીએફએ ચિંતા વ્યક્ત કરી છે કે વીએમસી દ્વારા યશ ફાઉન્ડેશન મારફતે શ્વાન પકડવામાં આવે છે, જે માત્ર એબીસી સેન્ટર છે અને કાયમી શેલ્ટરની સુવિધા ધરાવતું નથી. આ કાર્યવાહી પ્રાણી કલ્યાણના સિદ્ધાંતો અને ગાઈડલાઈન વિરુદ્ધ હોવાનું સંસ્થાએ જણાવ્યું છે. સંસ્થાએ માંગ કરી છે કે, સારવાર હેઠળના શ્વાનને તાત્કાલિક છોડવામાં આવે, હેલ્થ રેકોર્ડ ચકાસ્યા વિના શ્વાન ઉપાડવાનું બંધ કરાય, યોગ્ય શેલ્ટર વ્યવસ્થા વિના તંદુરસ્ત શ્વાન ઉપાડવાનું બંધ કરાય, પ્રાણી કલ્યાણના કાયદાઓનું પાલન કરાવવામાં આવે. પીએફએ એ આ મામલે તાત્કાલિક પગલાં લઈ નિર્દોષ પ્રાણીઓને વધુ પીડામાંથી બચાવવા અપીલ કરી છે.

પ્રથમ તબક્કામાં ૪૦ બસો શહેરના મુખ્ય રૂટ જોડશે

સોમવારથી ગ્રીન ટ્રાન્સપોર્ટનો પ્રારંભ: રસ્તા પર દોડશે હાઈટેક 'PM e-Bus'

મેટ્રો જેવી સુવિધાઓ સાથે લઘુત્તમ ભાડું માત્ર ૬ રાખવા વિચારણા

(પ્રતિનિધિ) વડોદરા,તા.27 વડોદરાવાસીઓ માટે પરિવહન ક્ષેત્રે એક ખુબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. શહેરમાં આગામી સોમવારથી મહત્વાકાંક્ષી 'PM e-Bus સેવા' શરૂ થાય તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે, જેની વહીવટી અને તકનીકી કામગીરી હાલ અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. આ પર્યાવરણ ફ્રેન્ડલી ઈલેક્ટ્રિક બસો શરૂ થતાંની સાથે જ વડોદરાના પબ્લિક ટ્રાન્સપોર્ટને એક નવી ઊંચાઈ મળશે અને પ્રદૂષણમાં પણ મોટો ઘટાડો નોંધાશે. કેન્દ્ર સરકારની આ યોજના હેઠળ

વડોદરા શહેરને તબક્કાવાર કુલ ૨૫૦ અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસો મળવાની છે. જેમાંથી પ્રથમ તબક્કાના ભાગરૂપે ૪૦ બસોને રસ્તા પર દોડતી કરવામાં આવશે. શરૂઆતના તબક્કામાં આ ઈ-બસો શહેરના પ્રમુખ વિસ્તારો જેવા કે ગોત્રી, ટ્રાન્સપોર્ટ નગર, નિઝામપુરા અને સાઉથ ઝોનને પરસ્પર જોડશે. એટલું જ નહીં, વડોદરા કોર્પોરેશન દ્વારા ભવિષ્યમાં આ સેવાનો વ્યાપ વધારીને તેને પાદરા, સાવલી, વાઘોડિયા અને પોર જેવા આસપાસના ગ્રામ્ય અને ઔદ્યોગિક વિસ્તારો સુધી લંબાવવાનું પણ આગવું આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરોની સુવિધા માટે આ ૯ મીટર લાંબી 'મિડી' બસ તૈયાર કરવામાં આવી છે, જેમાં ૩૫ પ્રવાસીઓની બેસવાની ક્ષમતા રહેશે. આ બસો મેટ્રો ટ્રેન જેવી અત્યાધુનિક અને વૈશ્વિક સ્તરની સુવિધાઓથી સજ્જ હશે. બસની અંદર પ્રવાસીઓને ફૂલ્લી એસી કોચ, ઓટોમેટિક પેસેન્જર એનાઉન્સમેન્ટ સિસ્ટમ, સુરક્ષા માટે ખાસ SOS ઈમરજન્સી બટન, સીટ બેલ્ટ અને લાઈવ ટ્રેકિંગ માટે GPS સિસ્ટમ જેવી સુવિધાઓ મળશે. આ ઉપરાંત, દિવ્યાંગ મુસાફરો સરળતાથી અવરજવર કરી શકે તે માટે બસમાં ખાસ રેમ્પની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.